Dr. Babasaheb Ambedkar Open University (Established by Government of Gujarat)
A Refereed and Peer-Reviewed International e-Journal of Humanities and Social Sciences
Website: http://jyotirmay.baou.edu.in/chaitanya/ Email: chaitanya.ejournal@baou.edu.in
|| चैतन्य || CHAITANYA
ISSN: 2582 2802
Year–06, Volume –06, Issue–04, December–2025

# વઢિયાર પંથકનો ભૌગોલિક, ઐતિહાસિક, ધાર્મિક અને સાંસ્કૃતિક પરિચય

– હેતલ બળદેવભાઈ જોષી

**સારાંશ(Abstract):**

પ્રસ્તુત સંશોધન લેખ ઉત્તર ગુજરાતના વિશિષ્ટ પ્રદેશ વઢિયાર પંથકના સર્વગ્રાહી માનવશાસ્ત્રીય અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. લોકસાહિત્યને માત્ર મૌખિક પરંપરા તરીકે નહીં, પરંતુ પ્રજાના ઇતિહાસ, મનોવિજ્ઞાન અને સામાજિક ગતિશીલતાના જીવંત દસ્તાવેજ તરીકે મૂલવવામાં આવ્યું છે. આ પ્રદેશ કચ્છના રણકાંઠાનો, વિષમ ભૌગોલિક પરિસ્થિતિઓ અને સૂકી આબોહવા ધરાવતો પ્રદેશ છે, જેની પ્રાકૃતિક ઓળખ બનાસ, રૂપેણ અને સરસ્વતી નદીઓના પટ્ટા સાથે જોડાયેલી છે. ઐતિહાસિક રીતે આ પ્રદેશ 'ધર્મારણ્યક્ષેત્ર' અને ચાવડા વંશના શાસન (પંચાસર, અણહિલપુર પાટણ)નું કેન્દ્ર રહ્યો છે. સંશોધનમાં વઢિયારના ધાર્મિક પરિવેશનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે, જેમાં વરાણા ખોડિયાર મા, લોટેશ્વર મહાદેવ, અને વાછડાદાદા જેવા લોકઆસ્થાના કેન્દ્રોની ધાર્મિક પરંપરાઓ અને માન્યતાઓ (જેમ કે, ઘાણી ધરવાનો રિવાજ)ને આવરી લેવાયા છે. વધુમાં, અહીં વસવાટ કરતી બહોળી જ્ઞાતિઓ (ઠાકોર, નાડોદા રાજપૂત, આંજણા ચૌધરી, ભરવાડ, આહિર, રબારી, ગૌસ્વામી)ના પહેરવેશ, રીત-રિવાજો, સામાજિક ગતિશીલતા અને તેમની આગવી વિશેષતાઓનું તલસ્પર્શી નિરૂપણ કર્યું છે. અંતે, શૈક્ષણિક સુવિધાઓની ઉપલબ્ધતા અને સમાજમાં પ્રવર્તતા બાળલગ્ન, કન્યાવિક્રય અને અંધશ્રદ્ધા જેવી સામાજિક માન્યતાની પણ નોંધ લેવામાં આવી છે. આ પંથકનો અભ્યાસ તેની ભાતીગળ લોકસંસ્કૃતિ અને પરંપરા તથા પ્રયોગના સમન્વયને ઉજાગર કરે છે.

**બીજરૂપ શબ્દો(Keywords):** વઢિયાર પંથક, લોકસાહિત્ય, રણકાંઠો, સાંસ્કૃતિક પરિવેશ, અણહિલપુર પાટણ, વઢિયારી, લોટેશ્વર (લોહેશ્વર) મહાદેવ, લોકઆસ્થા અને પરંપરા.

---

લોકસાહિત્ય એ માત્ર મૌખિક પરંપરાનો હિસ્સો નથી, પરંતુ તે જે-તે પ્રજાના ઇતિહાસ, મનોવિજ્ઞાન અને સામાજિક ગતિશીલતાનો જીવંત દસ્તાવેજ છે. પ્રસ્તુત સંશોધન લેખ ઉત્તર ગુજરાતના વિશિષ્ટ ભૌગોલિક પ્રદેશ 'વઢિયાર' પંથકનું ભૌગોલિક, ઐતિહાસિક, સામાજિક અને સાંસ્કૃતિક વારસાનું પૃથ્થકરણ કરે છે. સાહિત્ય જ્યારે શિષ્ટ પરંપરામાંથી બહાર નીકળીને લોકમાનસમાં પ્રવેશે છે, ત્યારે તે વધુ સમાજાભિમુખ અને સંવેદનશીલ બને છે. વઢિયાર પંથક તેની ભૌગોલિક વિષમતા અને ઐતિહાસિક શૌર્યગાથાઓ માટે જાણીતો છે.

**ભૌગોલિક પરિચય:**

વઢિયાર પંથક ઉત્તર ગુજરાતમાં આવેલો રણકાંઠાનો પ્રદેશ છે, જેની ભૌગોલિક પરિસ્થિતિઓ વિષમ હોવા છતાં, તે એક અનોખી પ્રાકૃતિક ઓળખ ધરાવે છે. આ પંથકને ચોક્કસ વ્યાખ્યાના ચોકઠામાં ગોઠવવાનાં પ્રયાસો અનેક સંશોધકો સંપાદકોએ કર્યા છે.

"વઢિયારનો સર્વપ્રથમ ઉલ્લેખ 'વર્ધિવિષય' તરીકે મળે છે. ત્યાર બાદ તેનો ઉલ્લેખ 'વર્ધિપંથક' તરીકે થયો છે. આ વિષય અને પંથક ચૌલુક્ય રાજવીઓના વહીવટી એકમોના નામ હતાં."[1]

"મૂળરાજ સોલંકીનું રાજ્ય 'સારસ્વતમંડળ' તરીકે ઓળખવામાં આવતું તેમાં એક વર્ધિ પંથક હતો. જેને અત્યારે વઢિયાર તરીકે ઓળખવામાં આવે છે."[2]

સાર્થ ગુજરાતી જોડણીકોશ પ્રમાણે વઢિયાર એટલે "કડી-મહેસાણા પાસેનો (ઉત્તરગુજરાતનો) એક પ્રદેશ."[3]

ભગવદ્ગોમંડલ શબ્દકોશમાં વઢિયાર શબ્દનો બીજો અર્થ આ મુજબ આપેલો છે "પાલણપુર એજન્સિની પશ્ચિમે કડી-મેસાણાને લગતો પ્રદેશ આ પ્રદેશનાં ગાય, ભેંસ, બળદ વગેરે વખણાય છે."[4]

"રૂપેણ નદી અને બનાસ નદીના એક ઊભા પટ્ટાની વચ્ચે પથરાયેલ પ્રાચીનતમ પ્રદેશ એટલે આપણો વઢિયાર પંથક."[5]

"એકબાજુ એ કચ્છનું વિશાળ રણ અને બીજીબાજુએ ગુજરાતની રસાળભૂમિઃ વચ્ચે વઢિયાર નામનો રણકાંઠાનો પ્રદેશ ચાપોત્કટ વંશના રાજાઓની એ ભૂમિ. પંચાસર એનું પાટનગર."[6]

'રાધનપુર સંસ્થાનની સામાન્ય ભૂગોળ' પુસ્તકમાં વઢિયાર પ્રદેશ અંગેની માહિતી મળે છે જેમાં "આ સંસ્થાન "રાધનપુર રાજ્ય" એ નામથી મશહુર છે તેને માટે એમ કહેવાય છે કે તે પ્રથમ વાઘેલા રજપૂતોનું હતું. પાછળથી ગુજરાતના મુસલમાન બાદશાહોના વખતમાં ફતેહખાન બલોચના કબજામાં જમીનદાર તરીકે હતું તે કુટુંબના રાધનખાનના નામ ઉપરથી રાધનપુર;એ નામ પડ્યું છે, તેની આસપાસનો પ્રદેશ વઢીઆર નામે પ્રસિદ્ધ છે અને લોકો તેને એ નામે ઓળખે છે."[7]

તેની સીમાઓ કચ્છના રણ સુધી વિસ્તરેલી છે. ભૌગોલિક રીતે આ પ્રદેશ બનાસ અને રૂપેણ નદીના પટ્ટા વચ્ચે પથરાયેલો છે, જે પાટણ જિલ્લાનાં દક્ષિણ-પશ્ચિમ ભાગમાં રાધનપુર, સમી, હારીજ, સાંતલપુર અને શંખેશ્વર તાલુકામાં વિસ્તાર પામેલ છે. પશ્ચિમમાં કચ્છનું વિશાળ રણ, ઉત્તરમાં વાવ-થરાદ (બનાસકાંઠા) અને દક્ષિણમાં સુરેન્દ્રનગર જિલ્લો આવેલો છે.

આ પ્રદેશની આબોહવા સૂકી અને વિષમ છે. સમુદ્રથી દૂર અને રણની નજીક હોવાથી ઉનાળામાં તાપમાન અત્યંત ઊંચું જાય છે. ચોમાસામાં વરસાદ અનિયમિત હોવાથી ઘણીવાર દુષ્કાળની સ્થિતિ સર્જાય છે. પવનના તોફાનો અને ધૂળની ડમરીઓ અહીંની ભૌગોલિક વિશિષ્ટતા છે, જે રસ્તાઓ પર રેતીના ટેકરા બનાવી દે છે. રણકાંઠાની આબોહવાને કારણે અહીં કાંટાળા વૃક્ષો જેમ કે બાવળ, થોર ગાંડો બાવળ, ગૂગળી, બોરડી અને આંકડો વધુ જોવા મળે છે.

આ પ્રદેશમાં ત્રણ મુખ્ય નદીઓ બનાસ, રૂપેણ અને સરસ્વતી વહે છે. આ નદીઓના પ્રવાહ અને તેના કાંઠાની જમીન પર વસતા લોકોનું જીવન નદીના પાણી અને ભેજ પર આધારિત છે. બનાસ નદી ઉદેપુરના ડુંગરોમાંથી નીકળી વારાહી નજીક કચ્છના રણમાં વિલીન થાય છે, જ્યારે સરસ્વતી નદી સિદ્ધપુર-પાટણ થઈને રણમાં સમાઈ જાય છે. આ નદીઓના કારણે દક્ષિણ ભાગમાં પિયત વિનાના 'ચાસુવા' ઘઉંની પેદાશ સારી થાય છે.

નર્મદા કેનાલના આગમન બાદ આ પ્રદેશની ખેતીમાં મોટા ફેરફારો આવ્યા છે, છતાં પરંપરાગત રીતે અહીં પશુપાલન એ ખેતીનો પૂરક અને મહત્વનો વ્યવસાય રહ્યો છે. વઢિયારી ભેંસ અને કાંકરેજી ગાય સમગ્ર ગુજરાતમાં પ્રખ્યાત છે.

**ગૌરવશાળી ઇતિહાસ:**

વઢિયારનો ઇતિહાસ છેક મહાભારત કાળથી મળી આવે છે, જ્યારે આ પ્રદેશ 'ધર્મારણ્યક્ષેત્ર' તરીકે જાણીતો હતો. લોટેશ્વર ગામમાં પાંડવોના રોકાણની દંતકથાઓ આજે પણ લોકમુખે જીવંત છે. ઐતિહાસિક રીતે, આ પ્રદેશ ચાવડા વંશના શાસનનું કેન્દ્ર રહ્યો છે. પંચાસર એ ચાવડા રાજવીઓની રાજધાની હતી, જ્યાં જયશિખરી રાજા રાજ્ય કરતા હતા. ઈ.સ. 696માં કલ્યાણીના રાજા ભુવડ દ્વારા પંચાસર પર આક્રમણ કરવામાં આવ્યું, જેમાં જયશિખરીએ વીરગતિ પ્રાપ્ત કરી.

જયશિખરીના મૃત્યુ બાદ તેમની ગર્ભવતી રાણી રૂપસુંદરીએ વનમાં આશરો લીધો, જ્યાં વનરાજ ચાવડાનો જન્મ થયો. વનરાજ ચાવડાએ વનમાં ઉછરીને ભીલ અને અન્ય લડાયક કોમોની મદદથી પોતાની સેના તૈયાર કરી અને ગુમાવેલું રાજ્ય પુનઃ પ્રાપ્ત કર્યું. ઈ.સ. 746માં વનરાજ ચાવડાએ પોતાના મિત્ર અણહિલ ભરવાડના નામ પરથી સરસ્વતી નદીના કાંઠે 'અણહિલપુર પાટણ' (આજનું અનાવાડા) નગર વસાવ્યું. આ ઐતિહાસિક ઘટના વઢિયારના લોકસાહિત્યમાં શૌર્ય અને મિત્રતાના પ્રતીક તરીકે વારંવાર ગવાય છે.

પછીથી, આ પ્રદેશમાં મુસલમાન બાદશાહો અને નવાબોનું શાસન પણ રહ્યું છે. રાધનપુર રાજ્યની સ્થાપના ફતેહખાન બલોચના કુટુંબ દ્વારા કરવામાં આવી હતી, જેમના વંશજ રાધનખાનના નામ પરથી શહેરનું નામ રાધનપુર પડ્યું. નવાબ જલાલુદ્દીનખાન બાબીએ ખેતી અને શિક્ષણ ક્ષેત્રે અનેક સુધારાઓ કર્યા હતા, જેની અસર આજે પણ આ પ્રદેશના સામાજિક માળખા પર જોવા મળે છે.

**ધાર્મિક પરંપરાઓ અને લોકઆસ્થાઓ:**

વઢિયાર પંથકના લોકજીવનમાં ધર્મ અને ભક્તિનો ગાઢ પ્રભાવ છે. અહીંના લોકોમાં પૌરાણિક દેવતાઓ ઉપરાંત શૂરવીરો અને સતીઓને દેવ તરીકે પૂજવાની પરંપરા છે. વઢિયારનાં ધાર્મિક સ્થળો માત્ર શ્રદ્ધાનાં કેન્દ્રો નથી, પરંતુ તે સામાજિક એકતાના પ્રતીકો પણ છે.

આજની પેઢીમાં ફેશનનો પ્રભાવ હોવા છતાં, જૂની પેઢી ધર્મ અને ભક્તિભાવમાં મગ્ન રહે છે. વઢિયારના ગામડાઓમાં ધાર્મિક કાર્યો નિયમિતપણે થતાં રહે છે, જેમાં ગામલોકો ઉત્સાહથી ભાગ લે છે.

પુરુષોત્તમ માસમાં રામજી મંદિરની સામે કથાનું આયોજન થાય છે, જ્યારે નવરાત્રિમાં માતાજીની સ્થાપના કરી આરતી, સ્તુતિ અને ગરબાની રમઝટ જામે છે. ઉત્તરાયણ જેવા તહેવારોમાં ગૌમાતાઓને ચારો નાખવાની અને કૂતરાં માટે લાડુ બનાવવાની પરંપરા છે. ધર્મની ટેલ ઉઘરાવવી, રામધૂન કરવી, પક્ષીઓ માટે ચણ એકઠું કરવું અને કીડિયારું પૂરવું જેવી વ્યક્તિગત ધાર્મિક રુચિઓ પણ અહીં જોવા મળે છે. આમ, ઘોર કળિયુગમાં પણ આ પંથકના લોકોમાં ધર્મ, પુણ્ય અને ભક્તિ જેવા પરમેશ્વરી ભાવો સંગ્રહાયેલા છે.

અહીંના લોકો ધાર્મિક રીતે ચુસ્ત છે. દરેક કામમાં પોતાની કુળદેવી અને ઇષ્ટદેવને સૌ પહેલાં યાદ કરે છે. આસો સુદ આઠમ-નોમના બે દિવસે કુળદેવીની **પલ્લી** ભરાય છે, જેમાં ધંધાર્થે બહાર વસેલા લોકો પણ પોતાની પરંપરા જાળવવા માટે ખાસ આવે છે.

વઢિયાર પંથકમાં મોટી સંખ્યામાં પૌરાણિક તથા ઐતિહાસિક ધાર્મિક સ્થળો આવેલાં છે, અને આ સ્થાનો પર તિથિ પ્રમાણે મેળા પણ ભરાય છે. વરાણા ખોડિયાર મા, લોટેશ્વર (લોહેશ્વર) મહાદેવ, ભીમનાથ મહાદેવ, અને વાછડાદાદાનું મંદિર જેવા સ્થળોમાં લોકોની અતૂટ આસ્થા છે. રાધનપુર તથા આજુબાજુના ગામડાંઓમાં મસ્જિદો અને જૈન દેરાસરો પણ આવેલાં છે.

- **વરાણા ખોડિયાર માતાજી અને ઘાણીની પરંપરાઃ**

સમી તાલુકાના વરાણા ગામે આવેલું ખોડિયાર માતાનું મંદિર સમગ્ર ગુજરાતમાં પ્રખ્યાત છે. અહીં મહા સુદ એકમથી પૂનમ સુધી મેળો ભરાય છે. ખોડિયાર જયંતિ નિમિત્તે એટલે કે મહા સુદ આઠમના દિવસે જેમાં લાખોની સંખ્યામાં લોકો દર્શનાર્થે ઊમટી આવે છે.

આ સ્થળની સૌથી મોટી વિશિષ્ટતા ‘ઘાણી’ ધરવાનો રિવાજ છે. લોકો પોતાની મનોકામના પૂર્ણ કરવા માટે તલવટ (સાંની કે સ્હાની)ની ઘાણી માને છે. ખાસ કરીને નિઃસંતાન દંપતીઓ પુત્ર પ્રાપ્તિ માટે સવા દશ શેરથી સવામણ સુધીની ઘાણી માને છે. જો કોઈની સગાઈ ન થતી હોય તો જોડલાની ઘાણી માનવામાં આવે છે.

**મા ખોડિયારનો ઇતિહાસઃ** ભાવનગર પંથકમાં બોટાદ પાસે રોહિશાળા નામના ગામમાં મા ખોડિયારનું પ્રાગટ્ય સ્થાનક છે. વિ.સં. 836ની મહા સુદ આઠમના રોજ તેમનો જન્મદિવસ મનાય છે. તેઓ મામડિયા ચારણ અને દેવળબાનાં સાત દીકરીઓ અને એક દીકરા મેરખિયામાંનાં સૌથી નાનાં દીકરી જાનબાઈ હતાં. ભાઈ મેરખિયાને સાપે ડંખ દીધો ત્યારે પાતાળમાંથી અમરકૂપો લાવતાં તેમનો પગ પથ્થર સાથે અથડાતાં લંગડાવા લાગ્યાં. આ જોઈને બહેનોએ ‘આ ખોડી આવી’ કહ્યું, ત્યારથી તેઓ ખોડિયાર મા કહેવાયાં.

- **લોટેશ્વર (લોહેશ્વર) મહાદેવનું મંદિરઃ**

હારીજથી 20 કિલોમીટર દૂર સમી તાલુકામાં લોટેશ્વર ગામમાં આ પ્રાચીન મંદિર આવેલું છે. પાંડવો જ્યારે વનવાસ નીકળેલા એ સમયથી મહાદેવનો મહિમા ચાલ્યો આવ્યો છે, તેમ માનવામાં આવે છે. અહીં એક મોટું તળાવ અને પાંચ કુંડ છે, જે પાંડવોના વખતમાં બંધાયા હતા એમ કહેવાય છે, અને તેમાં સ્નાનનું ખૂબ માહાત્મ્ય રહેલું છે.

અહીં શિવરાત્રિ અને શ્રાવણ માસમાં તથા ફાગણ વદ અમાસ અને ભાદરવા વદ અમાસે મોટો મેળો ભરાય છે. અમાસના દર્શનનો ખૂબ મહિમા રહેલો છે અને દર અમાસે મેળા જેવું વાતાવરણ હોય છે જેમાં બહોળી સંખ્યામાં લોકો દર્શનાર્થે આવે છે.

- **દંતકથાઓ:**
  - **લોટીનો મહિમા:** પાંડવો છુપાવેશમાં હતા ત્યારે દ્રૌપદીએ શિવજીનાં દર્શન કર્યા વિના જમવું નહીં તેવો નિયમ હતો. શિવલિંગ ન મળતાં ભીમે એક કેરડાના છોડમાં લોટીને ઊંધી વાળી શિવલિંગ છે એમ કહ્યું. દ્રૌપદીએ શ્રદ્ધાથી પૂજન કર્યું અને જ્યારે ભીમે કહ્યું કે તે લોટી હતી, ત્યારે તે લોટીને બદલે શિવલિંગ થઈ ગયું. જ્યારે બીજી દંતકથા અનુસાર શિવજીનાં દર્શન કર્યા વિના જમવું નહીં તેવો નિયમ યુધિષ્ઠિરને હતો તેવું જાણવા મળે  છે.
  - **લોહેશ્વર નામ:** માર્કંડેય ઋષિને રંજાડતા લોહાસુર રાક્ષસે લોઢાનો દંડ રોપી ભગવાન શિવની આરાધના કરી. ભગવાન શિવ પ્રસન્ન થયા અને લોહાસુરના લોહદંડમાંથી શંકર ભગવાનનો આવિર્ભાવ થયો, તેથી આ સ્થળ લોહેશ્વર મહાદેવ તરીકે પ્રસિદ્ધ થયું. આ મહાત્મ્ય 'માર્કંડેય પુરાણ'માં આપેલું છે.

- **વાછડાદાદા અને ગૌરક્ષાનો ઇતિહાસ:**

કચ્છના નાના રણમાં આવેલા **વચ્છરાજ બેટ** ખાતે લોકદેવ વાછડાદાદાનું મંદિર આવેલું છે. આ જગ્યા પાટણ જિલ્લાના સમી તાલુકાનાં પશ્ચિમે આવેલી છે અને તેનો ઇતિહાસ વઢિયાર પંથક સાથે જોડાયેલો છે. વાછડાદાદાનો ઇતિહાસ શરણાગત વત્સલતા અને ગૌરક્ષાના બલિદાન સાથે જોડાયેલો છે.

બલિદાનની કથા: બહુચરાજી તાલુકાના કાલરી ગામના રાજવી કુંવર વચ્છરાજ સોલંકીના લગ્ન કંકાપુરીમાં લેવાયા હતા. લગ્નના ફેરા ફરતી વખતે ગાયોના અપહરણના સમાચાર સાંભળીને વરરાજા વચ્છરાજે ત્રીજા ફેરે ચોરી છોડી દીધી હતી અને ગાયો છોડાવવા યુદ્ધે ચડ્યા હતા. આ યુદ્ધમાં તેમનું મસ્તક કપાઈ જવા છતાં ધડ લડ્યું હતું, જે ઘટના લોકસાહિત્યમાં શૂરવીરતાની પરાકાષ્ઠા તરીકે વર્ણવાય છે. વચ્છરાજનું ધડ વાછરાબેટ પાસે અને મસ્તક ગૌખરીબેટ નજીક પડેલાં. ગૌરક્ષા કાજે વીરગતિ પામ્યા હોવાથી તેઓ અમરત્વ પામ્યા અને આજે લાખો ભાવિકોના દેવ બન્યા છે.

- **માન્યતાઓ:**
  - તેઓ ગૌરક્ષક અને હડકવાને હાંકી કાઢવા માટે પૂજાય છે.
  - સોલંકી અને રાઠોડ શાખાના રાજપૂતો લગ્નની પ્રથમ કંકોત્રી અહીં ધરાવે છે.
  - અહીં વેગડ ગાયનો વંશવેલો આજેય છે, જેના માટે લોકો ઘાસ નાખી જાય છે.
  - રણમાં ખારું પાણી હોવા છતાં આ જગ્યાએ મીઠા પાણીની સરવાણી આજેય ચાલુ છે. જે પાણી પીવાથી ઉટાંટિયું જેવી મોટી બીમારી મટે છે
  - આ જગ્યામાં ધરાવેલો પ્રસાદ બહાર લઈ જઈ શકાતો નથી.

- **જૈનતીર્થ-શંખેશ્વર:**

સમીથી નજીક આવેલું જૈનતીર્થ શંખેશ્વર શહેર જ્યાં જૈન તીર્થંકર **શંખેશ્વર પાર્શ્વનાથનું 108 હરોળનું દેરાસર** છે. આ જૈન ધર્મનું એક મોટું ધાર્મિક સ્થળ છે, જ્યાં દેશ-વિદેશથી જૈન લોકો યાત્રા કરવા માટે આવે છે. અહીં પાર્શ્વનાથ દાદાનું જૂનું મંદિર આવેલું છે, જેમની પ્રતિમા અદ્ભુત સૌંદર્ય ધરાવે છે. લોકોની અનોખી ભક્તિ કહે છે કે સવારે દાદા એકદમ નાના બાળક જેવાં, બપોરે યુવાન અને સાંજે વૃદ્ધ દેખાય છે.

- **વઢિયાર પંથકનાં અન્ય ધાર્મિક સ્થળો અને મેળાઓ:**
  - **ગોધાણશા પીર:** ગોધાણા ગામે વીર ગોધાજી રાઠોડનું મંદિર આવેલું છે. તેઓ ગોધાણશા પીર તરીકે પૂજાય છે. તેમણે ગોધાણાના તળાવમાં ડૂબેલા બળેવ (રક્ષાબંધન)ના બળેવીયાઓને 27મા દિવસે જીવતા કાઢ્યા હતા, તેથી અહીં ભાદરવા સુદ તેરસના દિવસે **બળેવ** થાય છે. ગામ આખું કસુંબો ચડાવે છે અને હોમ-હવન થાય છે.
  - **ખોહલી માતાનું મંદિર:** રાધનપુરથી 4 કિ.મી. દૂર સિનાડ ગામની સીમમાં આવેલું છે. અહીં ચામડીના રોગ દૂર કરવા માટે માતાજીને માનતા રૂપે **મીઠું** ચડાવવામાં આવે છે.
  - **ભીમનાથ મહાદેવ:** સમી તાલુકાના ગાજદીનપુરા ગામે આવેલું આ મંદિર પણ પાંડવોના વખતમાં બંધાયું હોવાનું મનાય છે. અહીં શ્રાવણ વદ અમાસના દિવસે મેળો ભરાય છે.
  - **દેવ ઉર્ફે હિંમતપુર (હીમજા માતા):** રાધનપુરથી 14/15 કિ.મી. દૂર દેવ નામે ગામ આવેલું છે, જ્યાં હીમજા માતાનું ઐતિહાસિક મંદિર આવેલું છે. અહીં મહા સુદ પૂનમે મોટો મેળો ભરાય છે.
  - **ગોતરકા અને મહાબલી પીર:** ગોતરકામાં હિંદુ સાધુ-મહંતની ગાદી છે અને માગસર મહિનામાં મહંતનો મેળો ભરાય છે. અહીં આવેલી મહાબલી પીરની જગ્યા મુસલમાનોની ધર્મની જગ્યા છે, જેના નિભાવ માટે રાધનપુરના નવાબ સાહેબે જાગીર બક્ષેલી છે.

**સાંસ્કૃતિક પરિચય:**

વઢિયાર પંથકનું લોકજીવન વિવિધતાઓ અને વિશિષ્ટતાઓથી ભરેલું છે. ગામડિયા પરિવેશમાં મ્હાલતા અને શહેરી વિસ્તારના તથા અત્યાધુનિક કાળમાં પરંપરા અને પ્રયોગનો સમન્વય કરીને ચાલતા આ પંથકની લોકસંસ્કૃતિ ભવ્ય અને ભાતીગળ છે. અહીં વસવાટ કરતા સમાજોમાં અઢાર જાતિનાં લોકો રહે છે, જેથી એમનાં બોલી, પહેરવેશ, રીત-રિવાજો, ઉત્સવ-પ્રસંગો, રહેણી-કરણી, માન્યતાઓ વગેરેમાં વિવિધતા જોવા મળે છે.

વઢિયાર પંથકમાં વસવાટ કરતી મુખ્ય જ્ઞાતિઓ અને તેમની વિશેષતાઓ નીચે મુજબ છે:

- **ઠાકોર જ્ઞાતિ:** વઢિયારની જ્ઞાતિઓમાં ઠાકોર જ્ઞાતિની સંખ્યા બહોળી છે. આ રંગીન મિજાજી જ્ઞાતિ પૈસાને ક્ષણભંગુર માની જીવનનો આનંદ શોખની પરાકાષ્ઠાએ જઈને માણે છે. મોટેભાગે **15-17** વર્ષની ઉંમરે દીકરા-દીકરીના લગ્ન લેવાઈ જાય છે. કન્યાપક્ષ તરફથી વરપક્ષે **50** થી **70** જેટલા લગનિયા મોકલવામાં આવે છે. આ સમાજના લોકો મેળા અને તહેવારના વધારે શોખીન અને ઉત્સવપ્રિય છે.

  પહેરવેશ: સ્ત્રીઓ ઘાઘરો, કબજો અને ઓઢણું ઓઢે છે. ઘરેણામાં કાનમાં વાળિયું, ગળામાં હાસડી, હાથમાં ચૂડીઓ, નાકમાં નથણી અને પગમાં કડલાં અને કાંબિયું પહેરે છે; છૂંદણાં છૂંદાવે છે. પુરુષો ધોતિયું, ફેંટો અને કાનમાં ઝોલા પહેરે છે.
- **નાડોદા જ્ઞાતિ (નાડોદા રાજપૂત):** વઢિયાર પંથકના દક્ષિણ ભાગના ગામોમાં નાડોદા પટેલ સમાજના લોકો વસવાટ કરે છે. રાજ્યનો ખપ ન રાખીને ફક્ત જમીન ખેડીને ગુજરાન ચલાવ્યું તેથી નરવૈયા રાજપૂત કહેવાયા, જેનો અપભ્રંશ થઇ નાડોદા રાજપૂત કહેવાયા.

  આ સમાજમાં કટારીયા, ખેર, ગામી, ગોહીલ, ચાવડા, ચુડાસમા, ચૌહાણ, જાદવ, ડાભી, ડોડીયા, બારડ, બુટીયા, પાવરા, પઢારિયા, પરમાર, મોરી, રાઠોડ, રથવી, લકુમ, વાઘેલા, વાઢેર, સિંઘવ, સોલંકી જેવી વિવિધ અટકો છે.

  તેમનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન છે. આ જ્ઞાતિ સ્વભાવે શાંત અને સરળ છે, અને વ્રત, પૂજા અને અનુષ્ઠાનમાં માનનારી છે.
- **ચૌધરી જ્ઞાતિ (આંજણા ચૌધરી):** આ પંથકમાં આંજણા ચૌધરી જ્ઞાતિના લોકોની સંખ્યા પણ વધારે છે. ગુજરાતમાં વસતાં તમામ આંજણા ચૌધરીઓના કુળદેવી મા અર્બુદા છે, જે રાજસ્થાનના આબુ પર્વત પર બિરાજમાન છે. મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન છે, તેમની પાસે ખેતી માટેની જમીન પણ વધારે છે. એકતા અને સંપ આ સમાજમાં સૌથી વધારે છે, અને શિક્ષણનું પ્રમાણ પણ વધારે જોવા મળે છે.

  પહેરવેશ: સ્ત્રીઓ સેટ સાડલો અને ઘરેણામાં ગળામાં ઝૂમણું અને હાથમાં ચૂડી પહેરે છે. મરણ પ્રસંગમાં સ્ત્રીઓ જાંબુડી રંગના સાડલામાં ગુલાબી રંગના દાણાદાણાની ભાતવાળા એક જ જેવા સાડલા પહેરે છે, જેને **'થેપાડું'** કહે છે. આ પહેરવેશ પરથી તેઓ તરત ઓળખાઈ આવે છે. પુરુષો ધોતિયું, પાઘડી અને ખમીશ પહેરે છે.
- **ભરવાડ જ્ઞાતિ (ગોપાલક):** ભરવાડ જ્ઞાતિ એ એક સાહસિક, નીડર અને બહાદુર જ્ઞાતિ છે, જે ગોપાલક કહેવાય છે કારણ કે તેઓ મુખ્યત્વે ગાયનું રક્ષણ અને પાલન કરે છે. સમગ્ર ગોપાલક ભરવાડ સમાજની ગુરુગાદી બનાસકાંઠા જિલ્લાના થરા ગામે આવેલ ઝાઝાવડા અને ગ્વાલીનાથ મહાદેવના મંદિરે છે. આ સમાજ ઠાકર એટલે કે ભગવાન શ્રી કૃષ્ણને માનનારો સૌથી મોટો વર્ગ છે.

પરંપરાગત પોશાક: સ્ત્રીઓ હાથ ભરતથી ભરેલો બે ઘડી જોવો ગમે તેવો ઘાઘરો, કબજો અને માથે ઓઢણું ઓઢે છે. પુરુષો ચોરણી-કમીજ, પાઘડી, બોરી (લાલ, વાદળી અને કથ્થઈ રંગનું વસ્ત્ર) અને કેડિયું પહેરે છે. ઘરડા અને પ્રોઢો સફેદ ઓસાડ (ધોતી જેવું વસ્ત્ર) પહેરે છે.

**ઘરેણાં:** પુરુષો ગળામાં હિરાકંઠી, કમરમાં કંદોરો (કમરબંધ), હાથમાં કાતરિયું, કડું, લકી, ઘડિયાળ. કાનમાં ઠાંસીયા અને કોકરવા પહેરે છે. જ્યારે સ્ત્રીઓ કાનમાં વેડલા(વેલ્લા), પોખાની, પાદડિયું, કોકરવા ગળામાં બરઘલી, ઝવલા, ઝરમર, હાલરિયું, બીજ, રામનામી, ડોડી. હાથમાં હાથીદાંતના બલોયા, ચૂડી, બાજુબંધમાં કડું અને લોકિટ. પગમાં કડલા, કાંબીયું, માછલીયુ વગેરે પહેરે છે. આ દરેક ઘરેણાનો ઘાટ એકદમ અલગ જ અને સુંદર હોય છે.

**ત્રાજવાં (છૂંદણાં):** સ્ત્રીઓ અને પુરુષ શરીર પર ત્રાજવા પડાવે છે. સ્ત્રીઓ પગની પાનીથી ઢીંચણ સુધી, હાથની આંગળીથી લઈને કોણી સુધી અને ડોકથી મોં સુધી તથા કપાળે છુંદણા પડાવે છે. તેમાં ગોપાલક સંસ્કૃતીના પ્રતીક ગાય, જોતર, લાડવો, દાણા, હોય છે. પુરુષોના હાથે કાનુડો, સાપ કે વિંછી દોરેલ હોય છે. એકબીજાના યાદગીરી રૂપે મિત્રોના નામ પણ છુંદાવે છે જેમ કે, વાલો, જકસી, નઘો, રૂખી, કંકુ વગેરે...

- **આહિર જ્ઞાતિ:** આહિર સમાજના લોકોના રીતરિવાજ અનોખા તરી આવે છે. તેમનો રોટી-બેટીનો વ્યવહાર ફક્ત તેમનાં 12 ગામમાં જ થાય છે. વૈશાખ સુદ તેરસના રાત્રે જ સમગ્ર સમાજના દીકરા-દીકરીઓના લગ્ન એકજ દિવસે લેવાય છે જે નિયમને સમગ્ર સમાજ અનુસરે છે. ત્રણ, પાંચ, સાત કે નવ દિવસની ગણેશ સ્થાપના કરવામાં આવે છે. તેરસની સાંજે જાન આવે છે, રાત્રે લગ્નવિધિ થાય છે અને બીજા દિવસે ચૌદસની સવારે વેલા વિદાય થાય છે. વરરાજા પોતાના ગામની સીમમાં નવવધૂને લઈને ત્યારે જ પ્રવેશ કરી શકે છે જ્યારે ગામની બધીજ દીકરીઓની જાનની વિદાય થઈ જાય.

  સીમંતવિધિ અન્ય જ્ઞાતિમાં સાસરેથી ખોળો ભરાવી અને પછી પિયર જવાનું હોય છે પરંતુ આહિર સમાજનાં રિવાજમાં દીકરીને પિયરમાં જ ખોળો ભરાવે છે.

  બાળકની બાબરી ઉતારવાની વિધિ (ચૌલકર્મ) દરેક કુળની કુળદેવીની તિથિના આધારે ફક્ત મહા માહિનામાં જ કરવામાં આવે છે.

  પહેરવેશમાં પુરુષો હુથણું અને કેડિયું પહેરે છે. સ્ત્રીઓ કચ્છી હાથ ભરત ભરેલો ઘાઘરો, કાપડું અને બાંધણીની ઓઢણી ઓઢે છે. જે સિવડાવવા માટે ઘરે દરજી બેસાડે છે. ઉંમરલાયક સ્ત્રીઓ હાથમાં હાથીદાંતના બલૈયા પહેરે છે. અને પહેરવેશમાં કાળા રંગના કપડાં પહેરે છે.

  અહીંના આહિરો માત્ર **આહિર** અથવા **આયર** જ અટક લખાવે છે.

- **રબારી જ્ઞાતિ (માલધારી):** પોતાને માલધારી, હીરાવંશી, રાયકા કે દેસાઈ તરીકે ઓળખાવતી રબારી જ્ઞાતિ પણ અહીં બહોળાં પ્રમાણમાં જોવા મળે છે. આ જ્ઞાતિમાં બાળવિવાહનું પ્રમાણ હવે ઘટ્યું છે, પણ સગાઈના વ્યવહારમાં લાખોની રકમનો વ્યવહાર છે.

પહેરવેશમાં પુરુષો થેપાડું, આગડું ને ફાળિયું(પાઘડી) બાંધે છે. કાનમાં ઠાંસિયા પહેરે છે. જ્યારે સ્ત્રીઓ ભરત ભરેલો ઘાઘરો, કાપડું અથવા પોલકું અને સાડલો પહેરે છે. ઘરેણાંમાં ગળામાં ઝૂમણું, રામનામી, પઈહાર. હાથમાં ચાંદી અથવા સોનાની ચૂડીયો અને આધુનિક નવા ઘાટના ઘરેણાં પહેરવાના શોખીન છે.

- **ગૌસ્વામી જ્ઞાતિ (દશનામ ગૌસ્વામી):** વઢિયાર પ્રદેશના દરેક ગામમાં દશનામ ગૌસ્વામી સમાજના લોકો વસવાટ કરે છે. તેઓનો મુખ્ય વ્યવસાય ભગવાન શિવની સેવા પૂજા છે.

  વિશેષતાઃ મરણ બાદ બપોરો અને બારમાના દિવસે કરવામાં આવતી માળપાટ-શંખઢોળ વિધિ અને ભંડારો આ સમાજની આગવી વિશેષતા છે. ભંડારા પ્રસંગે આવેલ મહેમાનોને યાદરૂપે યથાશક્તિ મુજબ લ્હાણી (તાંબાના કે સ્ટીલના વાસણ, રોકડ રૂપિયા) આપવામાં આવે છે.

  આ સમાજમાં મૃત્યુ પામેલ વ્યક્તિને અગ્નિસંસ્કાર નહીં પરંતુ સમાધિ આપવામાં આવે છે. સમાધિ આપતી વખતનાં વિવિધ મંત્રોચ્ચાર અને વિધિ પણ આ સમાજની આગવી ઓળખ છે.

- **અન્ય જ્ઞાતિઓ અને સામાન્ય રીતરિવાજોઃ**

  વઢિયાર પંથકમાં બ્રાહ્મણ, જૈન, દરબાર, પટેલ, ઠક્કર, દરજી, સુથાર, લુહાર, કુંભાર, મોચી, નાઈ, રાવળ, સાધુ, જૈન, મુસલમાન, નિરાશ્રિત ઠાકોર, અગરિયા, વાદી-મદારી, મલ, ઘાંચી જ્ઞાતિનાં લોકો પણ વસવાટ કરે છે.

  પારકરા અને બજાણિયા જ્ઞાતિનાં લોકો પ્રસંગોમાં હેલારે ચડીને નાચતા જોવા મળે છે. આ જ્ઞાતિમાં ગામમાંને ગામમાં લગ્ન કરવાનો એક અલગ રિવાજ છે.

- **પહેરવેશમાં વિવિધતા અને પરિવર્તનઃ**
  - **હિંદુ પુરુષોઃ** ધોતિયું-પહેરણ, અઢીવટો–પહેરણ કે બંડી અને માથે પાઘડી બાંધે છે.
  - **મુસ્લિમ પુરુષોઃ** ઝભ્ભો અને લેંઘો, માથે ટોપી કે રૂમાલ બાંધે છે.
  - **હિંદુ સ્ત્રીઓઃ** સાડી, ઘેરદાર ઘાઘરો, કબજો, કાપડું, ઓઢણું પહેરે છે.
  - **મુસ્લિમ સ્ત્રીઓઃ** બૂરખો અને સુરવાલ-કમીઝ પહેરે છે.
  - **રંગની ઓળખઃ** રબારી-ભરવાડ સમાજમાં સફેદ કે લાલ-લીલો કલર, અને ગોસ્વામી સમાજના પુરુષોના પોશાકમાં ભગવા કલરને પ્રાધાન્ય અપાય છે, જે તેમની જ્ઞાતિની ઓળખ છે.
  - **આધુનિક પરિવર્તનઃ** હાલના સમયમાં યુવાન સ્ત્રી-પુરુષો પેન્ટ-શર્ટ, જીન્સ-ટીશર્ટ પહેરવા લાગ્યાં છે, જેના કારણે મૂળભૂત ઓળખ ભૂલાતી જાય છે.
- **સામાજિક માન્યતાઓઃ**
  - આ પંથક સુખી અને સંપન્ન હોવા છતાં, આજેય ક્યાંક ક્યાંક બાળલગ્ન, કન્યાવિક્રય, અંધશ્રદ્ધા, રૂઢિઓ અને જ્ઞાતિવાદ જેવા દૂષણો જોવા મળે છે.
  - અમુક જ્ઞાતિમાં કન્યાની સગાઈ કરતી વેળા સાસરિયા પક્ષ પાસેથી પૈસા લેવાનો કુરિવાજ વારંવાર દોહરાવાય છે.

- લોકોમાં શિક્ષણનું પ્રમાણ ઓછું હોવાથી શુકન-અપશુકન, વેળા-કવેળા, ચોઘડિયાં, મુહૂર્ત, દોરા-ધાગા અને ભૂવા-ભોપાળા જેવી વિવિધ માન્યતાઓ તથા અંધશ્રદ્ધામાં માને છે.

- **શૈક્ષણિક પરિવેશ:**
    - આજે શિક્ષણનું મહત્ત્વ વધતું જવાથી કેન્દ્ર અને રાજ્ય સરકારના પ્રયત્નોથી ગ્રામ વિસ્તારની શાળાઓ પણ આધુનિક સાધનોથી સજ્જ કરવામાં આવી રહી છે.
    - શૈક્ષણિક સુવિધાઓ: વઢિયાર પંથકના ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધોરણ 1થી 8 અને અમુક જગ્યાએ 1થી 12 સુધીના ધોરણ છે, તેમજ આશ્રમશાળાઓ પણ ચાલે છે.
    - રાધનપુર, બાસ્પા, સમી, હારીજ અને શંખેશ્વર જેવા શહેરોમાં સ્નાતક કક્ષા સુધીનું શિક્ષણ મળે છે. રાધનપુર અને બાસ્પામાં બાલમંદિરથી માંડીને સ્નાતક, અનુસ્નાતક, B.Ed., M.Ed., અને LLB સુધીના અભ્યાસની સુવિધા ઉપલબ્ધ છે.
    - શાળા-કૉલેજોમાં પીવાનું પાણી, સંડાસ-બાથરૂમ, રમત-ગમતના સાધનો, મેદાન, મધ્યાન ભોજન, કમ્પ્યૂટરરૂમ, પુસ્તકાલય, પ્રોજેક્ટર જેવી ભૌતિક સુવિધાઓ ઉપલબ્ધ છે, જોકે દરેક સુવિધાનો સંપૂર્ણતઃ ઉપયોગ થતો નથી.
    - શિક્ષણ ઉપરાંત શાળામાં ઊર્જારક્ષક દળ, ઇકો ક્લબ, રામદુકાન, પક્ષીચણ જેવી માનવસહજ ભાવનાઓ પ્રગટાવનારી પ્રવૃત્તિઓ પણ થાય છે. ઓછા ઓરડા અને નાનું મેદાન એ કેટલીક ગ્રામીણ શાળાઓની ભૌતિક મર્યાદાઓ છે.

આમ, વઢિયાર પંથક ઉત્તર ગુજરાતના રણકાંઠાનો એક એવો વિશિષ્ટ પ્રદેશ છે, જેણે પોતાની આગવી ઓળખ જાળવી રાખી છે. અહીંનું ભૌગોલિક વાતાવરણ, ભલે સૂકું અને વિષમ હોય, પણ તેણે અહીંના લોકોને મજબૂત અને સહનશીલ બનાવ્યા છે. આ ભૂમિનો ઇતિહાસ શૂરવીરતાથી ભરેલો છે, જે પ્રાચીન ધર્મારણ્ય ક્ષેત્રથી લઈને વનરાજ ચાવડાના વીરત્વની ગાથાઓ આજે પણ લોકસાહિત્યમાં જીવંત રાખે છે.

વઢિયાર પંથક ધર્મપરાયણતામાં અતૂટ આસ્થા ધરાવે છે, જ્યાં વરાણાની ખોડિયાર મા, લોટેશ્વર મહાદેવ અને ગૌરક્ષક વાછડાદાદા જેવા લોકદેવતાઓ પ્રત્યેની ભક્તિ સામાજિક એકતાનું કેન્દ્ર છે. અહીંની લોકસંસ્કૃતિ ભવ્ય અને ભાતીગળ છે, કારણ કે તેમાં ઠાકોર, ભરવાડ, આહિર, રબારી, અને નાડોદા રાજપૂત જેવી વિવિધ જ્ઞાતિઓનું અનોખું મિશ્રણ જોવા મળે છે.

તેમના અલગ પહેરવેશ, રહેણી-કરણી, અને વિશિષ્ટ રીત-રિવાજો આ પંથકની આગવી ઓળખને સતત ઉજાગર કરે છે. લોકબોલી, લોકમેળા અને લોકમાન્યતાઓ આજે પણ ગ્રામ્ય જીવનનો અભિન્ન હિસ્સો છે. આ પ્રદેશ વર્તમાનમાં શિક્ષણના મહત્ત્વને અપનાવીને પ્રગતિ તરફ આગળ વધી રહ્યો છે. આ તમામ પરિબળોના સમન્વયને કારણે વઢિયાર પંથક ગુજરાતના સાંસ્કૃતિક નકશા પર એક વિશેષ અને ગૌરવશાળી સ્થાન ધરાવે છે.

## સંદર્ભ:


1. મહેતા, જેઠાલાલ બાવાભાઈ, 1895, *'રાધનપુર ડિરેક્ટરી ભાગ-1'*, પૃ.સં. 3.
2. આચાર્ય ગિરજાશંકર વલ્લભભાઈ, 1933, *'ગુજરાતના ઐતિહાસિક લેખો ભાગ-1'.*
3. ચોથી આવૃત્તિ 1949, *'સાર્થ ગુજરાતી જોડણીકોશ'*, અમદાવાદઃ ગૂજરાત વિદ્યાપીઠ.
4. પાંચમી આવૃત્તિ, 1967, *'ભગવદ્ગોમંડલ શબ્દકોશ'*, રાજકોટઃ પ્રવીણ પ્રકાશન, પૃ.સં. 745.
5. *'વઢિયારની વાટે'* દ્વિ માસિક ઈ-મેગેઝીન, જુલાઈ 2021, અંક-1, 'વઢિયાર સાહિત્ય મંચ', પૃ.સં. 7.
6. પટેલ સોમાભાઈ, શ્રેણી છઠ્ઠી, *'વિદ્યાર્થી વાચનમાળા'*, પૃ.સં. 104.
7. શાહ ભાઈચંદ પુંજાભાઈ, પ્રથમ આવૃત્તિ 1918, *'રાધનપુર સંસ્થાનની સામાન્ય ભૂગોળ'*, અમદાવાદઃ શ્રી સત્યનારાયણ પ્રિ.પ્રેસ.
8. સ્વામી મુકેશપુરી હીરાપુરી, 2015, *'વઢિયાર પંથકનું સંતસાહિત્યઃશોધ અને સ્વાધ્યાય'*, પીએચ. ડી. શોધનિબંધ.


**માહિતીદાતા:**

| ક્રમ | નામ | ઉંમર | સરનામું |
|---|---|---|---|
| 1. | **ભરવાડ લીલાબેન જયરામભાઈ** | 42 વર્ષ | શંખેશ્વર, જિ. પાટણ |
| 2. | **ભરવાડ જીજ્ઞા જયરામભાઈ** | 21 વર્ષ | શંખેશ્વર, જિ. પાટણ |
| 3. | **આહિર હિનાબેન દેવરાજભાઈ** | 29 વર્ષ | જાખેલ, તા. રાધનપુર, જિ. પાટણ |
| 4. | **રબારી મહેશભાઈ હરિભાઈ** | 30 વર્ષ | નાયતવાડા, તા. રાધનપુર, જિ. પાટણ |

**હેતલ બળદેવભાઈ જોષી,** આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, છારોડી, અમદાવાદ.
E-mail: hetal.joshi@baou.edu.in